# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. રાજ્યની નગરપાલિકાઓને નવા નગર સેવાસદનના નિર્માણ માટેની સહાયમાં વધારો કરાયો
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા-AIના કારણે દુર્ગમ વિસ્તારમાં સરળતાથી તબીબી સેવાઓ પહોંચી
3. એક લાખથી વધુ ઉમેદવારોએ બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર - PSIની લેખિત પરીક્ષા આપી.
4. જાહેર રજા સિવાયના દિવસોમાં નર્મદા પરિક્રમા કરવા શ્રદ્ધાળુઓને જિલ્લા કલેકટરની અપીલ
5. આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM NAGARPALIKA GRANT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓને નવા નગર સેવાસદનના નિર્માણ માટેની સહાયમાં વધારો કર્યો છે.

આ નિર્ણય અંતર્ગત 'અ' વર્ગની નગરપાલિકાઓને હવે 6 કરોડ રૂપિયા, 'બ' વર્ગને 5 કરોડ રૂપિયા, 'ક' વર્ગની નગરપાલિકાઓને 4 કરોડ રૂપિયા અને 'ડ' વર્ગને 3 કરોડ રૂપિયાની સહાય અપાશે. નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટની સુવિધા તથા વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે. સાથે જ 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો પણ શ્રી પટેલે આપ્યાં છે. આ ઉપરાંત નગરપાલિકાઓના હયાત નગર સેવાસદનમાં સમારકામ કે વિસ્તરણ કરવા માટે મળવાપાત્ર રકમના 25 ટકા રકમ અપાશે.

. . . . . . . . . . . . . .

# CM KAIZEN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા-AIના કારણે દુર્ગમ વિસ્તારમાં પણ સરળતાથી મેડિકલ સેવાઓ પહોંચી છે. અમદાવાદમાં કાઇઝન હોસ્પિટલના 'સેન્ટર ઓફ એક્સલન્સ ઇન રોબોટિક ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ સર્જરી'ના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યમાં તબીબી ક્ષેત્રે ઉભરતી ટેકનોલોજીને હંમેશાથી પ્રોત્સાહન મળતું આવ્યું છે. તેમણે ઉમેર્યું કે કેન્સર હોસ્પિટલમાં

અત્યાધુનિક રેડિયોથેરાપી સારવાર માટે સાયબર નાઇફ રોબોટિક લિનિયર એક્સલેટર મશીન સરકારે વસાવ્યું છે. જ્યારે યુ.એન. મહેતા હોસ્પિટલમાં વર્ષ 2022થી રોબોટીક્સ સર્જરી કરવામાં આવે છે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી )**

. . . . . . . . . . . . . .

## CM-GANDHINAGAR HATKESHWAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં શ્રી હાટકેશ્વરદાદાના પાટોત્સવ પ્રસંગે આયોજિત મહારુદ્રીમાં સહભાગી થયા. આ પ્રસંગે શ્રી પટેલે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે હાટકેશ્વર મહાદેવનું પૂજન અર્ચન અને જળાભિષેક કર્યા હતા. શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા 53 વર્ષથી દર વર્ષે હાટકેશ્વર જયંતિ અવસરે સામૂહિક રુદ્રી સાથે પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . .

## PSI EXAM

એક લાખથી વધુ ઉમેદવારોએ બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર-PSIની લેખિત પરીક્ષા આપી. રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજે PSIની

472 જગ્યા માટે લેખિત પરીક્ષાનું આયોજન કરાયું હતું. અમદાવાદ, વડોદરા અને સુરતના 340 પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાઈ હતી. તમામ પરીક્ષા કેન્દ્રો તથા વર્ગખંડમાં CCTV કેમેરાથી મોનીટરીંગ કરાયું હતું. આ પરીક્ષામાં 3-3 કલાકના બે પેપર લેવાયા હતા. પરીક્ષા પૂર્ણ થતાં પરિક્ષાર્થીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . .

## NARMADA PARIKRAMA

નર્મદા પરિક્રમામાં ભક્તોના ધસારાને ધ્યાને લઈને જિલ્લા કલેકટર એસ.કે.મોદીએ ભક્તોને જાહેર રજા સિવાયના દિવસોમાં પરિક્રમા કરવા અપીલ કરી છે. શ્રી મોદીએ જણાવ્યું, ચાલુ દિવસો દરમ્યાન ભક્તોની સેવા અને સુવિધા વધુ સારી રીતે કરી શકાય અને પરિક્રમા સુખદ, અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય.

( બાઇટ: એસ.કે.મોદી, જિલ્લા કલેકટર )

નર્મદા પરિક્રમા પૂર્ણ થવાને હવે 15 દિવસ બાકી રહ્યા છે ત્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમા કરવા ઉમટી રહ્યા છે.

. . . . . . . . . . . . . .

## AMBAJI ROPE WAY

આગામી 15 થી 17 એપ્રિલ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં આવેલા અંબાજી ગબ્બર ખાતે પરિક્રમા માર્ગ તથા રોપ-વેની સુવિધા બંધ રહેશે. ગબ્બર પર મધમાખીના મધપુડા દૂર કરવાની કામગીરી અંતર્ગત યાત્રિકોની સલામતી

અને સુરક્ષાને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. 18 એપ્રિલથી રાબેતા મુજબ દર્શન અને રોપ-વેની સુવિધા શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મધમાખીઓ વારંવાર ઉડવાના કારણે યાત્રિકોની સલામતી જોખમાય છે. યાત્રિકોના અવર-જવરવાળા વિસ્તારમાં ગબ્બર ટોચ તથા પરિક્રમા માર્ગમાં મધપૂડાના કારણે યાત્રાળુઓને મુશ્કેલી પડે છે. જેથી ગબ્બર ખાતે મધમાખીના મધપુડા દૂર કરવાની કામગીરી હાથ ધરવાનું નક્કી કરાયું છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# SURAT PATIL KAHTMUHURAT

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં સમગ્ર શિક્ષા યોજના અંતર્ગત બેંતાળીસ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર ૧૪ પ્રાથમિક

શાળાઓના ૯ ભવનોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું.

શાળાઓના નવા ભવનોના નિર્માણથી શહેરી વિસ્તારમાં બાળકોની શિક્ષણ સુવિધા તેમજ માળખાગત સુવિધાઓમાં વધારો થશે. ઝોન વિસ્તારોમાં સ્થાનિક બાળકોને ઘરઆંગણે શિક્ષણની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. નવ શાળાભવનોમાં ૨૪૧ ઓરડાઓનું નિર્માણ થશે, જેનો પાંચ હજાર પાંચસો બાળકોને લાભ મળશે. આગામી દોઢ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવામાં આવશે.

. . . . . . . . . . . .

## AHMEDABAD ROAD

અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને યુ.એન. મહેતા હોસ્પિટલ પાસે ટ્રાફિક સમસ્યા નિવારવા બે માર્ગ 20 ફૂટ પહોળા કરાશે. યુએન મહેતા હોસ્પિટલથી રચના સ્કૂલ થઈને રજનીગંધા ટાવર અને રાજસ્થાન હોસ્પિટલની અને આનંદ હોસ્પિટલથી વિઠ્ઠલ નગર તરફ જવાના માર્ગને 20-20 ફૂટ પહોળા કરાશે. આ કામગીરી અંતર્ગત 60 જેટલી રહેણાંક અને વાણિજ્યિક મિલકતો તેમજ મંદિરો હટાવવામાં આવશે. મહાનગર પાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા માર્ગને પહોળા કરવા માટે મ્યુનિસિપલ કમિશનરની મંજૂરી મેળવીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકી હતી. જેને મંજૂરી આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .

## WEATHER

આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 15 થી 17 એપ્રિલ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, તેમજ કચ્છ અને રાજકોટમાં હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઇ છે. આ દરમિયાન રાજ્યમાં તાપમાનનો પારો 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહી શકે છે.

રાજ્યમાં 42.3 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર બન્યું હતું. અમદાવાદમાં ગરમીનો પારો 40 ડિગ્રીથી નીચે રહ્યો છે. જ્યારે સુરેન્દ્રનગરમાં 41.3 ડિગ્રી, અમરેલીમાં 40.4 ડિગ્રી, ભુજમાં 40 ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . . .

## JUNGLE SAFARI

નર્મદા જિલ્લામાં એકતાનગર ખાતે આવેલ સરદાર પટેલ જુઓલોજી પાર્ક જંગલ સફારીમાં રહેતા પ્રાણીઓ અને પક્ષીઓને ગરમી થી બચાવવા મેનેજમેન્ટ દ્વારા એ.સી. કુલર, પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. અહીં દેશી અને વિદેશી 1500થી વધુ પશુ પક્ષીઓ આવેલા છે તમામ પશુ પક્ષીઓના ડોમમાં પાણીના કુંડ અને કુવારા મુકવામાં આવ્યા છે. આ અંગે જંગલ સફારીના નિયામક બીપુલ ચક્રવર્તીએ વધુ માહિતી આપી.

(બાઈટ....બીપુલ ચક્રવર્તી (ડાયરેકટર જંગલ સફારી)

. . . . . . . . . . . . . .

# PATAN-PRAKRUTIK KHETI

રાજ્યમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી દ્વારા ખેત ઉત્પાદન કરે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક ખેતીથી પાકની વિવધતા અને જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ચારુપ ગામના મલ્હારપરાના ખેડૂત અનુપજી ઠાકોર ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેમનાથી પ્રેરાઈને આજુબાજુના અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે.

(byte - અનુપજી ઠાકોર)

. . . . . . . . . . . . . .